eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 265
April 01, 2011



## આર.ટી.આઈ.એક્ટ–૨૦૦૫ થી માહિતગાર થવા અંગે અઠવા ઝોન ધ્વારા વર્કશોપનું આયોજન

સુરત મહાનગરપાલિકા અને સરદાર પટેલ લોક પ્રશાસન(સ્પીપા) સંસ્થાના સંયુકત ઉપક્રમે સા. વે. (અઠવા) ઝોન ધ્વારા માહિતી અધિકાર અધિનિયમ હેઠળ કાયદા અને નિયમની જાણકારી આપવા તથા માહિતી અધિકાર અધિનિયમનો હેતુ સરકારી/જાહેર તંત્રોમાં પારદર્શિતા સાથે જવાબદારી અદા કરવાનો તથા સરકાર અને તેના માધ્યમો નાગરીકોને જવાબદાર રહે તથા આ કાયદાનો હકારાત્મક/રચનાત્મક ઉપયોગ થાય ...

વધુ માટે કલીક કરો >>>>>>

## આર.ટી.આઈ.એક્ટ–૨૦૦૫ થી માહિતગાર થવા અંગે લિંબાયત ઝોન ધ્વારા વર્કશોપનું આયોજન



સુરત મહાનગરપાલિકા અને સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા અમદાવાદના સંયુકત ઉપક્રમે સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ધ્વારા માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળ કાયદાના પ્રચાર અને પ્રસારના હેતુથી કાયદા અને નિયમોની જાણકારી આપવાના ઉદ્દેશથી એક કાર્યશિબિરનું આયોજન કરવામાં આવેલ હતું.માહિતી અધિકાર અધિનિયમનો હેતુ સરકારી/જાહેર તંત્રમાં પારદર્શિતા સાથે જવાબદારી મુકરર કરવાનો તથા સરકાર અને તેના માધ્યમો નાગરીકોને જવાબદાર રહે તે છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન T-20 ઈન્વીટેશન ક્રિકેટ ટુનામેન્ટ" ની ફાઈનલ મેચ માં સુરત મહાનગરપાલિકાની મેયર ટીમનો વિજય

"સ્વર્ણિમ ગુજરાત" અને "અમદાવાદ–૬૦૦ વર્ષ" ની સંયુકત ઉજવણીના ઉપક્રમે અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા ગુજરાત રાજયની સમગ્ર મહાનગરપાલિકાની મેયરશ્રીની ટીમો અને કમિશનરશ્રીની ટીમો વચ્ચે તા. ૨૧ થી ૨૬ માર્ચ, ૨૦૧૧ દરમ્યાન "ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન T-20 ઈન્વીટેશન ક્રિકેટ ટુર્નામેન્ટ" (ડે અન્ડ નાઈટ) નું આયોજન સરદાર પટેલ સ્ટેડીયમ, નવરંગ પુરા, અમદાવાદ ખાતે કરવામાં આવેલ હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## આર.ટી.આઈ.એક્ટ–૨૦૦૫ થી માહિતગાર થવા અંગે કતારગામ ઝોન ધ્વારા વર્કશોપનું આયોજન

તા. ૨૮/૦૩/૨૦૧૧ નાં રોજ સવારે ૧૧.૩૦ થી ૧.૩૦ કલાક દરમ્યાન માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ અન્વયે કાયદાના પ્રસાર અને પ્રચાર સાથે અધિનિયમ અને નિયમોની જાણકારી આપવાના ઉમદા ઉદ્દેશથી નોર્થ ઝોનના કોમ્યુનીટી હોલ, તરણકુંડની બાજુમાં, વસ્તાદેવડી રોડ, કતારગામ ખાતે જાહેર જનતાને તથા ઝોન કચેરીના અધિકારી/કર્મચારીઓને સમાવિષ્ટ કરતાં એક વર્કશોપનું આયોજન કરવામાં આવેલ હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>



## આર.ટી.આઈ.એક્ટ–૨૦૦૫ થી માહિતગાર થવા અંગે પશ્ચિમ ઝોન ધ્વારા વર્કશોપનું આયોજન

માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ અન્વયે કાયદાના પ્રચાર અને પ્રસાર સાથે અધિનિયમ અને નિયમની જાણકારી આપવાના ઉમદા ઉદ્દેશથી પશ્ચિમ ઝોન ખાતે એક વર્કશોપ યોજાયેલ હતો. જેમાં મોટી સંખ્યામાં અધિકારીઓ, કર્મચારીઓ, સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓ, નાગરિકો વિગેરેએ ભાગ લીધો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ થી માહિતગાર થવા અંગે અઠવા ઝોન ધ્વારા વર્કશોપનું આયોજન



સુરત મહાનગરપાલિકા અને સરદાર પટેલ લોક પ્રશાસન(સ્પીપા) સંસ્થાના સંયુકત ઉપક્રમે સા. વે. (અઠવા) ઝોન ધ્વારા માહિતી અધિકાર અધિનિયમ હેઠળ કાયદા અને નિયમની જાણકારી આપવા તથા માહિતી અધિકાર અધિનિયમનો હેતુ સરકારી/જાહેર તંત્રોમાં પારદર્શિતા સાથે જવાબદારી અદા કરવાનો તથા સરકાર અને તેના માધ્યમો નાગરીકોને જવાબદાર રહે તથા આ કાયદાનો હકારાત્મક/રચનાત્મક ઉપયોગ થાય અને કાયદાનો હેતુ બર આવે એવા ઉદ્દેશથી તા. ૨૩/૦૩/૧૧ થી રોજ સવારે ૧૦.૦૦ કલાક થી ૧૨.૩૦ કલાક દરમ્યાન સીટી લાઈટ રોડ પર આવેલ સુરત મહાનગરપાલિકાના સાયન્સ સેન્ટરના ઓડીટોરીયમમાં કાર્યશિબિર યોજવામાં આવેલ. જેમાં મ્યુ.સદસ્યશ્રીઓ,સામાજીક સંસ્થાના પ્રતિનિધિઓ, નાગરીકો, યુ.સી.ડી., આઈ.સી.ડી.એસ.ના સભ્યો મહાનગરપાલિકાના અઠવા ઝોનના અધિકારી/કર્મચારીઓ મળી કુલ ૨૨૧ વ્યકિતઓએ ભાગ લીધો હતો.

ઉપરોકત કાર્યશિબિરમાં માહિતી અધિકાર અધિનિયમ કાયદાની વિસ્તૃત જાણકારી વકતાશ્રી એચ.એસ.ભાવસાર (સ્પીપાના ફેકલ્ટી સભ્ય અને સુરત મહાનગરપાલિકાના પર્સોનેલ ઓફિસર) એ આપી હતી.

સૌ પ્રથમ બે કલાકના સમયગાળામાં માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ના કાયદાની વિવિધ કલમોની વિસ્તૃત છણાવટ અને માહિતી વકતાશ્રીએ આપેલ અને અંતિમ ૩૦ મિનિટમાં પ્રશ્નોત્તરી રાખવામાં આવેલ. જેમાં જાગૃત નાગરિકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો અને સફળ કાર્યશિબિર માટે સંતોષ વ્યકત કર્યો હતો.

TOP

# આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ થી માહિતગાર થવા અંગે લિંબાયત ઝોન ધ્વારા વર્કશોપનું આયોજન



સુરત મહાનગરપાલિકા અને સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા અમદાવાદના સંયુકત ઉપક્રમે સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ધ્વારા માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળ કાયદાના પ્રચાર અને પ્રસારના હેતુથી કાયદા અને નિયમોની જાણકારી આપવાના ઉદ્દેશથી એક કાર્યશિબિરનું આયોજન કરવામાં આવેલ હતું.માહિતી અધિકાર અધિનિયમનો હેતુ સરકારી/જાહેર તંત્રમાં પારદર્શિતા સાથે જવાબદારી મુકરર કરવાનો તથા સરકાર અને તેના માધ્યમો નાગરીકોને જવાબદાર રહે તે છે. તેથી આ કાયદાનો હકારાત્મક/રચનાત્મક ઉપયોગ થાય અને કાયદાનો હેતુ બર આવે એવા ઉદ્દેશથી તા. ૨૫/૦૩/૨૦૧૧ ના રોજ સવારે ૧૦.૩૦ કલાક થી ૧.૦૦ કલાક દરમ્યાન સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ના કોન્ફરન્સ હોલમાં કાર્યશિબિર યોજવામાં આવેલ. જેમાં મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, સામાજીક સંસ્થાના પ્રતિનિધિઓ, આર. ટી. આઈ. એકટીવીસ્ટ, નાગરીકો અને મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોનના અધિકારી/કર્મચારીઓ મળી કુલ ૧૦૫ વ્યકિતઓએ ભાગ લીધો હતો.

ઉપરોકત કાર્યશિબિરમાં માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ના કાયદાની જાણકારી વકતાશ્રી એચ.એસ.ભાવસાર(સ્પીપાના ફેકલ્ટી સભ્ય અને સુરત મહાનગરપાલિકાના પર્સોનેલ ઓફિસર)એ આપી હતી. પ્રથમ બે કલાકના સમયગાળામાં માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ના કાયદાની વિવિધ કલમોની વિસ્તૃત છણાવટ અને માહિતી વિવિધ ઉદાહરણ સહિત વકતાશ્રીએ આપેલ અને અંતિમ ૩૦ મિનિટમાં પ્રશ્નોત્તરી રાખવામાં આવેલ. જેમાં ઘણાં જાગૃત નાગરિકોએ ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો.

અંતે સફળ કાર્ય શિબિર માટે સંતોષ વ્યકત કર્યો હતો.

TOP

## "ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન T-20 ઈન્વીટેશન ક્રિકેટ ટુનામેન્ટ" ની ફાઈનલ મેચ માં સુરત મહાનગરપાલિકાની મેયર ટીમનો વિજય

"સ્વર્ણિમ ગુજરાત" અને "અમદાવાદ–૬૦૦ વર્ષ" ની સંયુકત ઉજવણીના ઉપક્રમે અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા ગુજરાત રાજયની સમગ્ર મહાનગરપાલિકાની મેયરશ્રીની ટીમો અને કમિશનરશ્રીની ટીમો વચ્ચે તા. ૨૧ થી ૨૬ માર્ચ, ૨૦૧૧ દરમ્યાન "ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન T-20 ઈન્વીટેશન ક્રિકેટ ટુર્નામેન્ટ" (ડે અન્ડ નાઈટ) નું આયોજન સરદાર પટેલ સ્ટેડીયમ, નવરંગ પુરા, અમદાવાદ ખાતે કરવામાં આવેલ હતું. આ ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈનલ મેચ તા. ૨૬/૦૩/૨૦૧૧ ને શનિવારના રોજ સુરત મહાનગરપાલિકાની અને રાજકોટ મહાનગરપાલિકાની મેયર ટીમ વચ્ચે રમાઈ હતી. સુરત મહાનગરપાલિકાની મેયર ટીમના કેપ્ટનશ્રી મુકેશભાઈ દલાલે મા. મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈની હાજરીમાં ટોસ જીતી પ્રથમ દાવ લઈ ધમાકેદાર શરૂઆત કરી હતી. મેયરશ્રીની ક્રિકેટ ટીમે ટોસ જીતી પ્રથમ દાવ લીધો હતો. જેમાં નિર્ધારિત ૨૦ ઓવરમાં ૪ વિકેટે ૧૭૪ રનનો પડકાર ફેંકયો હતો. જેમાં શ્રી પ્રવિણભાઈ પટેલે ૫૭ બોલમાં ૬૫ રન, શ્રી યશોધરભાઈ દેસાઈએ ૩૨ બોલમાં ૩૭ રન, શ્રી મનોજભાઈ લોટવાલા ૧૮ બોલમાં ૩૨ રન અને શ્રી સતિષભાઈ પટેલે ૭ બોલમાં ૧૬ રનનું યોગદાન આપ્યું હતું. જેની સામે રાજકોટ મહાનગરપાલિકાની મેયર ટીમ નિર્ધારીત ૨૦ ઓવરમાં ૨ વિકેટના ભોગે ૧૭૧ રન કરી શકી હતી. આમ સુરત મહાનગરપાલિકાની મેયર ટીમનો રસાકસી પુર્ણ મેચમાં ૪ રને વિજય થયો હતો. અને ચેમ્પીયન ટ્રોફી વિજેતાનું બહુમાન મેળવ્યું હતું. આ મેચમાં શ્રી મનોજભાઈ લોટવાલા અને શ્રી ભૂપેન્દ્રભાઈ રાઠોડને ૧ – ૧ વિકેટ મળી હતી. આમ સુરત મહાનગરપાલિકાની મેયર ટીમ છેલ્લા ચાર વર્ષથી ચેમ્પીયન ટ્રોફી મેળવતી આવી છે. શ્રી પ્રવિણભાઈ પટેલને તેમના આખી ટુર્નામેન્ટમાં આપેલ યોગદાન બદલ મેન ઓફ ધ સિરિઝથી નવાજવામાં આવ્યા હતા.

ત્યાર બાદ રાત્રે ૯.૦૦ કલાકે અમદાવાદ મહાનગરપાલિકા અને સુરત મહાનગરપાલિકાની કમિશનરશ્રીની ટીમ વચ્ચે ફાઈનલ મેચનો પ્રારંભ થયો હતો. જેમાં અમદાવાદ કમિશનરશ્રીની ટીમે ટોસ જીતી પ્રથમ દાવ લઈ નિર્ધારીત ૨૦ ઓવરમાં ૪ વિકેટના ભોગે ૧૭૦ રનનો લક્ષ્યાંક મુકયો હતો. જેમાં પ્રકાસ વાલુન્દ્રેના અનણમ ૧૦૨ રનનો સિંહ ફાળો રહયો હતો. જેની સામે સુરત મહાનગરપાલિકાની કમિશનર ટીમ ૧૯.૩ ઓવરમાં ૧૩૪ રન કરી ઓલ આઉટ થઈ હતી. જેમાં શ્રી નરેશ પરમારના ૩૫, શ્રી જગદીશ સેલરના ૨૯, શ્રી પ્રવિણ પટેલના ૨૦ રનનું યોગદાન રહયું હતું. આમ અમદાવાદ મહાનગરપાલિકાની કમિશનર ટીમનો ૩૫ રને વિજય થયો હતો અને ચેમ્પીયન ટ્રોફીના હકદાર બન્યા હતા. અને સુરત મહાનગરપાલિકાની કમિશનર ટીમ પ્રથમ વખત રનર્સઅપ બની હતી. રનર્સઅપ ટીમના દરેક ખેલાડીઓને મેડલ તથા પ્રમાણપત્ર અને રનર્સઅપ ટ્રોફી આપવામાં આવી હતી.

આ ટુર્નામેન્ટમાં ભાગ લીધેલ સુરત મહાનગરપાલિકાની મેયર અને કમિશનરની ટીમને પ્રોત્સાહિત કરવા સુરતના મા. મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ, ડે.મેયર શ્રીમતી છાયાબેન ભૂવા, શાસકપક્ષ નેતાશ્રી દયાશંકર સિંગ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. ટુર્નામેન્ટના અંતે યોજાયેલ ઈનામ વિતરણ સમારોહમાં અમદાવાદ મહાનગરપાલિકાના મા. મેયરશ્રી આસિત વોરા તથા અન્ય મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

**TOP**

## આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ થી માહિતગાર થવા અંગે કતારગામ ઝોન ધ્વારા વર્કશોપનું આયોજન

તા. ૨૮/૦૩/૨૦૧૧ નાં રોજ સવારે ૧૧.૩૦ થી ૧.૩૦ કલાક દરમ્યાન માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ અન્વયે કાયદાના પ્રસાર અને પ્રચાર સાથે અધિનિયમ અને નિયમોની જાણકારી આપવાના ઉમદા ઉદ્દેશથી નોર્થ ઝોનના કોમ્યુનીટી હોલ, તરણકુંડની બાજુમાં, વસ્તાદેવડી રોડ, કતારગામ ખાતે જાહેર જનતાને તથા ઝોન કચેરીના અધિકારી/કર્મચારીઓને સમાવિષ્ટ કરતાં એક વર્કશોપનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં પ્રાદેશિક તાલીમ કેન્દ્ર(સ્પીપા) ના મુખ્ય ફેકલ્ટીશ્રી હિર્ણેશ એસ.ભાવસાર, પર્સોનેલ ઓફિસર, સુરત મહાનગરપાલિકા તથા અતિથિ વ્યાખ્યાતા તરીકે શ્રી પંકજ જે. ઔંધિયા, નાયબ માહિતી નિયામક, પ્રાદેશિક તાલીમ કેન્દ્ર, સુરત તરફથી માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની વિસ્તૃત સમજ તેમજ જાણકારી આપવામાં આવી હતી.

માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ નો મહત્તમ હકારાત્મક/રચનાત્મક ઉપયોગ થાય અને કાયદાનો હેતુ બર આવે તેવા ઉદ્દેશથી યોજવામાં આવેલ આ વર્કશોપમાં સમાજ કલ્યાણ, આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ શ્રીમતિ ગીતાબેન હસમુખભાઈ પટેલ, જાહેર બાંધકામ સમિતિના અધ્યક્ષશ્રી નિરંજનભાઈ બેચરભાઈ ઝાંઝમેરા, સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિના ઉપાધ્યક્ષશ્રી ધનજીભાઈ અમરાભાઈ ચાવડા, સ્થાયી સમિતિના સભ્યશ્રી ડો.જગદીશભાઈ પરસોત્તમભાઈ પટેલ,ડેપ્યુટી કમિશનરશ્રી (પ. અને ઈ.) અને નોડલ ઓફિસર રાઈટ ટુ ઈન્ફર્મેશન સેલ શ્રી સીજે.ગામીત, કતારગામ ઝોનના અધિકારી/કર્મચારીઓ, ઝોન વિસ્તારનાં મ્યુનિ.સભ્યશ્રીઓ, સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિશ્રીઓ, જાહેર જનતાના પ્રતિનિધિઓ તથા બહોળી સંખ્યામાં નગરજનો હાજર રહયા હતા.

TOP

# આર.ટી.આઈ.એક્ટ–૨૦૦૫ થી માહિતગાર થવા અંગે પશ્ચિમ ઝોન દ્વારા વર્કશોપનું આયોજન



માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ અન્વયે કાયદાના પ્રચાર અને પ્રસાર સાથે અધિનિયમ અને નિયમની જાણકારી આપવાના ઉમદા ઉદ્દેશથી પશ્ચિમ ઝોન ખાતે એક વર્કશોપ યોજાયેલ હતો. જેમાં મોટી સંખ્યામાં અધિકારીઓ, કર્મચારીઓ, સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓ, નાગરિકો વિગેરેએ ભાગ લીધો હતો. વર્કશોપમાં વ્યાખ્યાતા તરીકે સ્પીપાના આસી. ડાયરેકટર ડો. એ. કે. ગણાત્રા અને સુરત મહાનગરપાલિકાના રાઈટ ટુ ઈન્ફોર્મેશન સેલના આસી. નોડલ ઓફિસરશ્રી એચ. એસ. ભાવસારે માહિતી અધિકાર કાયદાની વિસ્તૃત છણાવટ કરી હતી અને વર્કશોપમાં ઉપસ્થિત જ્ઞાનપીપાસુઓના પ્રશ્નોનો પણ આગવી શૈલીમાં વાસ્તવિક ઉદાહરણો સહિત ઉત્તરો આપ્યા હતા. જાહેર સત્તાના મંડળના કામકાજમાં પારદર્શિતા અને જવાબદારીને ઉત્તેજન આપવા તથા ભ્રષ્ટાચારને અંકુશમાં રાખવા અને કાર્યક્ષમ સંચાલન, મર્યાદિત નાણાંકીય સાધનોનો મહત્તમ ઉપયોગ, જાહેર સત્તા મંડળોના નિયંત્રણ હેઠળની માહિતી નાગરિકો સરળતાથી મેળવી શકે તે કાયદાનો મુખ્ય ઉદ્દેશ છે.

TOP